## જે.એસ.મહેતા હાઈસ્કુલ ધનસુરા ખાતે ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ શરૂ થઈ





અરવલ્લી જિલ્લાના ધનસુરા માં આવેલી શ્રી જે. એસ. મહેતા હાઈસ્કુલ ધનસુરા ખાતે આજે ધોરણ ૧૦ અને ૧ ૨ ની જાહેર પરીક્ષાઓ શરૂ થઈ હતી સ્કૂલના મુખ્ય પ્રવેશદ્વાર પાસે શાળાના શિક્ષક ભાઈ બહેનો દ્વારા કુમકુમ તિલક કરી મોં મીઠું કરી વિદ્યાર્થીઓને આવકાર અપાયો હતો ધનસુરા કેળવણી મંડળના મંત્રીશ્રી ભાવેશભાઈ શાહ દ્વારા સૌ પરીક્ષાર્થીઓને બોલપેન અર્પણ કરી શુભેચ્છા પાઠવવામાં આવી હતી આ પ્રસંગે ધનસુરા કેળવણી મંડળના મંત્રી ધીરુભાઈ પટેલ આચાર્ય શ્રી પ્રકાશભાઈ દેસાઈ ભગીની સંસ્થા ના આચાર્યા શ્રીમતી દક્ષાબેન પટેલ શાળાના સુપરવાઈઝર અશોકભાઈ પટેલ અને શ્રી હિતેશભાઈ પટેલની સાથે ધનસુરા રેડક્રોસ સોસાયટીના ગોવિંદભાઈ એસ.પટેલ મંત્રીશ્રી ધ.કે. મંડળ,નરેન્દ્રભાઈ એલ.પટેલ,નરસિંહભાઈ ચોપડા, દિનેશભાઇ વગેરે એ ઉપસ્થિત રહી તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને માસ્કનું વિતરણ કર્યું હતું ધનસુરા ખાતે ખૂબ જ શાંતિમય વાતાવરણમાં પરીક્ષાની શરૂઆત થઈ હતી અને પરીક્ષાર્થીઓ ઉત્સાહભેર પરીક્ષા ખંડમાં પહોંચ્યા હતા.

## પ્રાંતિજ સહિત તાલુકામાં બોર્ડની પરીક્ષાનો પ્રારંભ



સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં પણ બોર્ડ ની પરીક્ષા નો આજથી આરંભ થયો હતો જેમાં વિદ્યાર્થીઓએ કેમેરા અને ચુસ્ત બંદોબસ્ત વચ્ચે બોર્ડ નું પ્રથમ પ્રેપર આપ્યું હતું પ્રાંતિજ સહિત તાલુકામાં ધોરણ ૧૦ અને ૧ ૨ ની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી પરીક્ષા નો આજથી પ્રારંભ થયો હતો જેમાં પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપતાં પહેલાં પ્રવેશ દ્વાર ઉપર શાળા ના આચાર્ય શિક્ષકો તથા નગરપાલિકા પ્રમુખ દિપકભાઈ કડીયા ભાજપ મહિલા મોરચા ની બહેનો કાર્યકરો દ્વારા વિધાર્થીઓને કુમકુમ તિલક ની સાથે મોઢું મીઠું કરાવી ને વિદ્યાર્થી ઓને શુભેચ્છાઓ પાઠવી હતી તો ધોરણ- ૧૦ ના વિદ્યાર્થીઓએ સી.સી.ટીવી કેમેરા સુપરવાઈઝર અને ચુસ્ત બંદોબસ્ત વચ્ચે બોર્ડ ની પરીક્ષા નું પ્રથમ પેપર આપ્યુ હતું તો પ્રથમ દિવસે પેપર ઈજી રહેતાં વિદ્યાર્થીઓના ચહેરાઓ ઉપર સ્મિત જોવાં મલ્યુ હતું અને શાન્તીમય માહોલમાં વિદ્યાર્થીઓનું પ્રથમ પેપર પ્રસાર થતાં તંત્ર એ પણ હાશકારો લીધો હતો .

## ડીસા ત્રણ હનુમાન મંદિર ખાતે ભવ્ય સુંદરકાંડનું આયોજન કરાયું



ડીસામાં આવેલ ત્રણ હનુમાન મન્દિર ખાતે શનિવારે સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ભગવાન હનુમાનજીના આરાધના, ભક્તિમય અને સંગીતમય વાતાવરણમાં ગુણગાન ગવાયા હતા. સુંદરકાંડમાં પધારેલા તમામ ભક્તો ભગવાન હનુમાનજીની ભક્તિમાં લીન બન્યા હતા. સુંદરકાંડના દરેક શ્લોક ઉપર શ્રી રામ જય રામ જય જય રામ ના નારા લગાવીને આરાધના કરી હતી. સુંદરકાંડના આયોજનમાં એક અલગ જ લ્હાવો ભક્તોને માણવા મળ્યો હતો આ સુંદરકાંડમાં પધારેલા તમામ ભક્તોને પ્રસાદ તથા ઠંડા પીણાની પણ વ્યવસ્થા વિરેન્દ્રકુમાર ચુનીલાલ દવે પરિવાર દ્વારા કરવામાં આવી હતી તેમજ સંદીપભાઈ દવે તથા યશપાલ ભાઈ દવેએ ઠંડા પાણીની સુંદર વ્યવસ્થા કરી હતી .આ પ્રસંગે ઉપસ્થિત ભક્તોમાં અનેરો લ્હાવો જોવા મળ્યો હતો.

## બનાસકાંઠા ભાજપના આગેવાનના નામે ખોટી પોસ્ટ વાયરલ કરવા મામલે ફરિયાદ




બનાસકાંઠા જિલ્લા ભાજપ અને સોળ ગામ લેઉવા પાટીદાર સમાજના અગ્રણીના નામે સોશિયલ મીડિયા ખોટી પોસ્ટ વાઈરલ થતા આ મામલે સાયબર ક્રાઈમ માં ફરિયાદ દાખલ કરાઈ છે જેમાં રાજકીય અને સામાજિક છબી ખરડવા ખોટી પોસ્ટ વાઈરલ કરનાર ઈસમ સામે પગલા ભરવાની માંગ કરાઈ છે. બનાસકાંઠા જિલ્લા ભાજપના યુવા અગ્રણી અને દાંતા તાલુકા ભાજપ પ્રભારી રમેશભાઈ પટેલ (આર.એમ. પટેલ)ના નામે સોશિયલ મિડિયા હવે ધરતી પુત્રો ને અભિનંદન ખેડૂતોને આઠ કલાક નહિ છ કલાક વીજળી મળશે તેવી કોઈ અજાણ્યા ઈસમે ખોટી પોસ્ટ વાયરલ કરતા રમેશભાઈ પટેલે આ મામલે સાયબર ક્રાઈમમાં ફરિયાદ દાખલ કરી છે આ અંગે રમેશભાઈએ જણાવ્યું હતું કે, ચુંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે આ ખોટી પોસ્ટ વાઈરલ કરી ભાજપની છબી બગાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે જેને લઈ મેં ફરિયાદ નોંધાવી છે.

## ગુજરાતીના આસાન પ્રશ્નપત્રથી વિદ્યાર્થીઓમાં ખુશી

# સાબરકાંઠા, અરવલ્લીમાં ધો.૧૦ બોર્ડ પરીક્ષાનો શાંતિપૂર્વક પ્રારંભ

### ૩૫,૦૦૦ વિદ્યાર્થીઓએ ગુજરાતી વિષયની પરીક્ષા આપી, પ્રથમ દિવસે એકપણ કોપી કેસ નહીં





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સોમવાર તા.૨૮ માર્ચથી ધો.૧૦ બોર્ડ પરીક્ષાનો શાંતિપૂર્વક પ્રારંભ થયો. લાંબા સમયથી ઓફલાઈન શિક્ષણથી વંચિત વિદ્યાર્થીઓ ગુજરાતી વિષયનું પેપર કેવું હશે તેને લઈને તણાવ અનુભવતા હતા. પરંતુ ધારણા કરતાં પણ ગુજરાતીના આસાન પ્રશ્નપત્રથી મોટાભાગના વિદ્યાર્થીઓમાં ખુશી જોવા મળી. ગુજરાતી વિષયમાં ૧૪૩૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. ૩૫,૭૩૬ વિદ્યાર્થીઓએ હાજર રહીને પરીક્ષા આપ્યાનું જાણવા મળ્યું છે. પ્રથમ દિવસે જિલ્લામાં એકપણ કોપી કેસ નોંધાયો નથી.

સમગ્ર રાજ્યમાં તા.૨૮ માર્ચથી ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થયો. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ધો.૧૦ના ૬૧ પરીક્ષા કેન્દ્રો ઉપર પોલીસના સઘન સુરક્ષા પ્રબંધ અને વાલીઓના સંયમ વચ્ચે બોર્ડ પરીક્ષા શરૂ થાય તે પૂર્વે આકરૂન્દ, બાયડ, મોડાસા સહિતના અનેક પરીક્ષા કેન્દ્રોમાં છાત્રોને કુમ કુમ તિલક અને મોં મીઠું કરાવી પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ અપાયો ત્યારે તણાવ હેઠળ રહેલા છાત્રો ખુશ જોવા મળ્યા હતા. ધોમધખતા તાપમાં પરીક્ષા ખંડમાં વિદ્યાર્થીઓની કસોટી જરૂર થઈ પરંતુ પેપર સેટરે ગુજરાતીમાં અત્યંત સહેલા નિબંધો પૂછી જિલ્લાના હજારો વિદ્યાર્થીઓના દિલ જીતી લેવામાં સફળ રહ્યા હતા. બપોરે ૧-૧૫ કલાકે પેપર પૂરૂ થયા પછી વિદ્યાર્થીઓ પરીક્ષા ખંડમાંથી બહાર આવ્યા ત્યારે આસાન પ્રશ્નપત્રનો આનંદ તેમના ચહેરા ઉપર સ્પષ્ટ જોવા મળ્યો હતો. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારીએ ગુજરાતી વિષયમાં ૬ પરીક્ષા કેન્દ્રોની મુલાકાત લીધી હતી. કેટલાક પરીક્ષા કેન્દ્રોમાં ચાલતી સંદિગ્ધ હિલચાલની પણ નોંધ લઈ કેન્દ્ર સંવાહકને સ્થળ ઉપર સૂચના આપ્યાનું જાણવા મળ્યું છે. પરીક્ષા કેન્દ્રમાં અનઅધિકૃત વ્યક્તિના પ્રવેશ સબંધી ફરિયાદ મળશે તો કડક પગલાં ભરવાની ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. સાબરકાંઠાના ૩૫ પરીક્ષા કેન્દ્રમાં ૨૦,૧૬૩ અને અરવલ્લીના ૨૬ પરીક્ષા કેન્દ્રમાં ૧૫,૫૭૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપ્યાનું ઝોનલ અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું છે.

## જીલ્લામાં ધો.૧૦-૧૨ બોર્ડની પરીક્ષાનો પ્રારંભ : પરીક્ષાર્થીઓને કુમકુમ તિલકનો આવકાર

મોડાસા, તા. ૨૮

૨૮ માર્ચ ૨૦૨૨ના રોજ અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં માધ્યમિક ઉચ્ચતર શિક્ષણ બોર્ડ



દ્વારા ધો.૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો હતો અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં બોર્ડના ૧૦૦ પરીક્ષા કેન્દ્રો પર ૭૦ હજાર થી વધુ વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ માહોલમાં પ્રથમ દિવસે પરીક્ષા આપી હતી અરવલ્લી જીલ્લા ભાજપ, કોંગ્રેસ, ક્ષત્રિય ઠાકોર સેના અને AIMIM ના અગ્રણીઓ અને કાર્યકરોએ પરીક્ષાર્થીઓને બોલપેન આપી શુભેચ્છા પાઠવી હતી

સોમવારથી શરુ થયેલી બોર્ડની પરીક્ષામાં મોડાસા શહેર સહીત બંને જીલ્લાના સંચાલક મંડળ અને વિવિધ સેવાકીય સંસ્થાઓએ પરીક્ષાર્થીઓને કુમકુમ તિલક કરી સાકાર થી મોં મીઠું કરાવી માનસિક તણાવ દૂર કરવા ગુલાબના ફૂલ આપી શુભેચ્છા પાઠવી હતી મોડાસાની સર્વોદય હાઈસ્કૂલ અને મોડાસા હાઈસ્કૂલ, શ્રી.જે.બી શાહ ઈંગ્લીશ મીડીયમ હાઈસ્કૂલ તેમજ શહેરના અને જીલ્લામાં આવેલા પરીક્ષાકેન્દ્રના પ્રવેશદ્વારે બોર્ડના પરીક્ષાર્થીઓનો તણાવ હળવો કરવા અને બોર્ડની પરીક્ષાનો માનસિક ભય દૂર કરવાની સાથે પરીક્ષામાં સફળતા મેળવવાના શુભ આશયથી અને પરીક્ષાર્થીઓને આહલાદક વાતાવરણની અનુભૂતિ થાય તેમાટે મોડાસા કેળવણી મંડળના



ટ્રસ્ટીઓએ સહીત શૈક્ષણિક અને સામાજિક અગ્રણીઓએ ગુલાબના ફૂલ આપી,કુમકુમ તિલક અને મોં મીઠું કરાવી શાંતિપૂર્વક પરીક્ષા આપવા શુભેચ્છા પાઠવી હતી.

## સગર્ભા મહિલાએ જેમ એમ્બ્યુલન્સ સુધી દોડવું પડ્યું તેમ અરવલ્લીના અધિકારીઓએ દોટ લગાવી તે પણ ગાડીમાં...!!

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાની રચના થયાને ૮ વર્ષ કરતા વધારેનો સમય વિતી જવાં કેટલાય ગામડાઓમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવા મળી રહ્યો છે, જેમાં રોડ અને પાણીની મુખ્ય સુવિધાઓનો સમાવેશ થાય છે. મોડાસા તાલુકાના મોડાસાના અણદાપુર ગામના લોકો આઝાદીના ૭ દાયકા સુધી પણ હજુ રોડ-રસ્તા માટે આતુરતા પૂર્વક રાહ જોતા લોકો માટે સમાચાર પત્રો માધ્યમ બન્યા હતા. સમગ્ર ઘટના એમ હતી કે, અણદાપુર ગામની પ્રાથમિક શાળા સુધી પાકો રોડ હતો, પરંતુ ત્યાંથી ગામલોકોનો વસવાટ ૨.૫ કિ.મી. દૂર છે ત્યાં સુધી રોડ ન હોવાથી



ગામલોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રોડના અભાવે લોકોને ઈમર્જન્સી સમયે ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. રવિવારે અણદાપુર ગામમાં એક ગર્ભવતી મહિલાને પ્રસૂતાની પીડા ઉપાડતા પરિવારજનો ચિંતિત બન્યા હતા. ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલસને ફોન કરતા તાબડતોડ ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલન્સ અણદાપુર ગામની પ્રાથમિક શાળા સુધી પહોંચી હતી, પરંતુ આગળ રસ્તો ન હોવાથી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ કર્મીઓ લાચાર બન્યા હતા. એક બાજુ પ્રસુતાને પીડા વધી રહી હતી. આખરે પરિવારની મહિલાઓએ ન છૂટકે પ્રસૂતા અને બાળકના જીવના જોખમે ૨.૫ કિલોમીટર સુધી ચાલીને લઈ જવાની ફરજ પડી હતી. ગ્રામજનોને રસ્તાને અભાવે પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાથી લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. આ સમગ્ર ઘટના અંગે ગ્રામજનોની વાચા જાડી ચામડીના અધિકારીઓ સુધી પહોંચાડતા અધિકારીઓ ઉભી પૂછડી ભાગ્યા હતા અને સર્વે સહિતની કામગીરી હાથ ધરી હતી. સામાન્ય રીતે ઓફિસમાં બેસી રહીને કામ કરતા અધિકારીને ગ્રામ્ય વિસ્તારમાં શું ચાલી રહ્યું છે તે અંગે કોઈ જ ખ્યાલ રહેતો નથી અને ગ્રામિણ વિસ્તારોના લોકોને સમસ્યા અધિકારીઓની કચેરી સુધી પહોંચી શકતી નથી. આવી સગર્ભા મહિલાઓને સરકારની વિવિધ યોજનાઓની વાતો કરતું તંત્ર માત્ર વાતો જ કરતું હોય તેવું લાગી રહ્યું છે. સગર્ભા મહિલાઓને સરકાર દ્વારા કાળજી રાખવા અંગે અધિકારીઓને સૂચનો કરે છે, પરંતુ અધિકારીઓ સગર્ભા મહિલાઓને દોડાવવા મજબૂર કરતી હોય તેવું આ સ્પષ્ટ લાગ્યું હતું. ગ્રામજનોએ સમાચાર પત્રોનો આભાર માનતા જણાવ્યું કે, જ્યારે મનુષ્ય કે પશુ બિમાર થયું હોય તો સારવારના અભાવે મૃત્યુ પામતા હતા, અનેક રજૂઆતો કરવા છતાં અધિકારીઓના પેટનું પાણી જ નહોતું હલતું હવે અધિકારીઓની ગાડીઓની લાઈનો લાગતા સમસ્યાનો ઉકેલ આવશે તેવું લાગી રહ્યું છે

## અરવલ્લી : પેપર લીક મામલે સત્યાગ્રહ છાવણી આંદોલન માટે પહોંચે તે પહેલા જ કોંગી નેતાઓ નજર કેદ....!

મોડાસા, તા. ૨૮

રવિવારના રોજ યોજાયેલી વનરક્ષકની પરીક્ષાનું પેપર લીક થવાની ઘટનાને લઈને સમગ્ર રાજ્યમાં ઉમેદવારોમાં રોષ જોવા મળી રહ્યો છે, તો બીજી બાજુ કોંગ્રેસ પાર્ટીએ સોમવારના રોજ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલનની ચિમકી ઉચ્ચારી હતી. જોકે કોંગ્રેસના કેટલાય નેતાઓને રવિવાર રાત્રિથી જ નજર કેદ કરી દેવાની ઘટનાઓ સામે આવી છે. અરવલ્લી જિલ્લાના હાલ ત્રણ



નેતાઓને નજર કેદ કરાયાની માહિતી મળી છે. જેમાં બાયડ તાલુકા કોંગ્રેસ પ્રમુખ અશોકસિંહ ઝાલા, ભિલોડા તાલુકા કોંગ્રેસ પ્રમુખ, વનરાજસિંહ ડામોર અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી ના મહામંત્રી રાજેન્દ્ર પારઘી ને પોલિસે નજર કેદ કર્યા હોવાનું જિલ્લા પ્રમુખે જણાવ્યું છે. વનવિભાગની રવિવારે યોજાયલી વન રક્ષકની પરીક્ષાનું પેપર મહેસાણા જિલ્લામાં ફૂટી ગયું હતું, જેને લઈને ઉમેદવારોમાં રોષ પ્રવર્ત્યો હતો. સમગ્ર પેપર લીકની ઘટનાને પગલ વિરોધી પાર્ટીઓએ પરીક્ષાના પેપર લીક થવાની છાશવારે ઘટનાઓને વખોડી કાઢી અનેક સવાલો ઉઠાવ્યા હતા. ગુજરાતમાં સરકારી ભરતી પ્રક્રિયામાં પેપર ફૂટવા પૈસા લઈ નોકરીઓની ગોઠવણ પાર પાડવી સહીત અનેક પ્રકારે ગેરરીતિ આચરવામાં આવી હોવાના અનેક કિસ્સાઓ સતત બહાર આવી રહ્યા છે ત્યારે કોંગ્રેસની યુવા પાંખે સરકારી નોકરીની પરીક્ષાના પેપર ફૂટવા સરકારી ભરતી પ્રક્રિયા રદ થવી અને બેરોજગારી મુદ્દે લઈ સોમવારે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે યુવા સ્વાભિમાન સંમેલન યોજવામાં આવશે કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોષીએ ગુજરાત સરકાર પર ભારે આક્ષેપ કરી ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષથી સરકારી નોકરીઓમાં વ્યાપમ કૌભાંડ આચારવામાં આવ્યું હોવાનો આક્ષેપ કર્યો હતો.

## વાત્રક નદી કિનારાના મૂંગા પશુધન માટે નદીમાં પાણી છોડવા માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

અરવલ્લી જિલ્લામાં આકરા ઉનાળામાં તળાવો અને ચેકડેમમાંથી પાણી સૂકાઈ ગયાં છે. નદીઓ પણ કોરી ધાક્કોર બની રહી છે ત્યારે વાત્રક જળાશયમાં પાણીના જળવાયેલા જથ્થામાંથી પાણી છોડવામાં આવે તો મૂંગા પશુધનને પીવાના પાણીની હાલાકી દૂર થાય તેમ છે. નદીમાં પાણી છોડાય તો ખેડૂતોને ઉનાળુ વાવેતર માટે ઈરીગેશનનો ફાયદો થાય તેમ હોવાથી વાત્રક જળાશયામાંથી પાણી છોડવા માટે માંગ ઉઠવા પામી છે. જિલ્લામાં સરકારની સિંચાઈ યોજનાઓમાંથી પાણી છોડાય તેવું બળબળતા તાપમાં ખેડૂતો ઈચ્છી રહ્યા છે. વાત્રક જળાશયની કેનાલોનું મરામત કામ અગાઉ પૂર્ણ થઈ ગયા પછી ઉનાળાની સીઝનમાં વાત્રક નદી કિનારાના ગામો માટે આ કેનાલ મહત્વની બની રહી છે. ચોમાસું નબળું રહેતા વાત્રક ડેમમાં આ વર્ષે પાણીની ઓછી આવક નોંધાઈ જેથી ઉનાળું સીઝન માટે ખેડુતોને પાણી આપવાનું મુલત્વી રહ્યું છે. જ્યારે વાત્રક નદી કિનારાના ૪૦ થી પણ વધુ ગામોના પ્રજાજનો અને ખેડૂતોએ વાત્રક નદીનો પટ ઝડપથી સૂકાઈ જતાં મૂંગા પશુધન માટે પીવાના પાણીની હાલાકી ઉભી થઈ છે. વાત્રક નદીમાં ૩ સ્થળોએ ચેકડેમ બનાવાતાં ખેડૂતોની ઈરીગેશનથી સિંચાઈ મેળવવાની યોજના નિષ્ફળ ગયા પછી હાલમાં વાત્રક નદી પાણી વગર કોરી ધાક્કોર બની ગઈ છે ત્યારે મૂંગા પશુધનને બચાવી લેવા માટે નદીમાં પાણી છોડાય તેવી માંગ નદી કિનારાના ગામોમાંથી ઉઠવા પામી છે. જ્યારે જળાશયમાં આરક્ષિત પાણીના જથ્થાને ધ્યાનમાં રાખી નદી કિનારાના ગામોની માંગ પ્રમાણે વાત્રક નદીમાં પાણી છોડાય તો પશુપાલકોને ખેડૂતોને પણ સિંચાઈ માટે ઈરીગેશનનો મહત્તમ ફાયદો થાય તેમ છે. જિલ્લામાં તમામ નદીઓ પાણી વગર સૂકી ભઠ્ઠ બની રહી છે ત્યારે વાત્રક નદી કિનારાના ગામોમાં પશુધન માટે ઉભી થયેલી પાણીની હાલાકીને ધ્યાનમાં લેતાં તંત્રએ જળાશયમાંથી પાણી છોડવું જોઈએ તેવું પશુપાલકો અને ખેડૂતો ઈચ્છી રહ્યા છે. ગત વર્ષે નબળા ચોમાસાની ખોટ બળબળતા ઉનાળામાં દેખાઈ છે અને તળાવો, ચેકડેમોની સાથે નદીઓ સૂકી ભઠ્ઠ બની રહી છે ત્યારે નદીઓને જીવંત બનાવવા પાણી છોડાય તો નદી કિનારાના ગામોએ ગુમાવેલી સૌંદર્યતા ઉનાળામાં પણ ખીલી ઉઠે તેમ છે.

## પ્રાંતિજ ખાતે આમ આદમી પાર્ટી દ્વારા ત્રિરંગા રેલીયોજી આવેદનપત્ર આપ્યુ

પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આમઆદમી પાર્ટી દ્વારા ખેડૂતોના સર્મથન મા ત્રિરંગા રેલીયોજી પ્રાંતિજ નાયબ મામલતદાર



હિરેન ભાઈ પટેલ ને આવેદનપત્ર આપ્યુ. પ્રાંતિજ ખાતે આમ આદમી પાર્ટી ના કાર્યકરો દ્વારા ઢોલ નગારા સાથે પ્રાંતિજ નાનીભાગોળ થી ત્રિરંગા બાઈક રેલી યોજીને રેલ્વે સ્ટેશન ખાતે આવેલ પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે જઈ ને ખેડૂતોના હિત ને લઈ ને આવેદનપત્ર સુપ્રત કર્યુ હતુ જેમા ખેડૂતો ને ૩ લાખ ની લોન ઉપર નો વ્યાજદર માફ ની રકમ ચુકવવા તથા બેકે વસુલેલ વ્યાજ પરત કરવા તથા ઉનાળુ સીઝન નુ વાવેતર કરેલ ખેડૂતોને વિજ જોડાણ મા વિજળી અનિયમિત અને અપુરતી આપવામા આવે છે તે ૧ ૨ કલાક કરવા સહિત ની વિવિધ માંગણીઓ સાથે આપ કાર્યકર્તાઓ દ્વારા ત્રિરંગા યાત્રા રેલી યોજીને પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે જઈ ને પ્રાંતિજ નાયબ મામલતદાર હિરેનભાઈ પટેલ ને આવેદનપત્ર આપીને રજુઆતો કરવામા આવી હતી તો આ પ્રસંગે ઝાલા સુરજસિંહ કાનસિંહ , પટેલ દેવાંગ , પટેલ જીતેન્દ્ર , હિતેન્દ્રસિંહ પરમાર , રમેશભાઈ સહિત આપ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યા મા ઉપસ્થિત રહ્યા હતા.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ગરમીથી ધગધગ્યું : ઈડરમાં તાપમાન ૪૧ ડીગ્રી

### અસહ્ય ગરમીથી પ્રજા ત્રાસી ઉઠી : બરફ-વીજ માંગમાં વધારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આકાશમાંથી અગનગોળા વછૂટતાં જિલ્લામાં માર્ચના અંતિમ દિવસમાં ધરતી ફરી ગરમીથી ધગધગી હતી. લમણા શેકી નાખતી ગરમીથી પ્રજા ત્રાહીમામ પોકારી ઉઠી હતી. સવારથી અસહ્ય બફારો અનુભવાતો હતો અને બપોર થતાં સૂરજદાદા વધુ કોપાયમાન બની અંગારા વેર્યા હોય તેમ ગરમીનું કાતિલ મોજૂ જિલ્લામાં ફરી વળ્યું હતું. ઈડરમાં તાપમાનનો પારો ૪૧ ડીગ્રીએ પહોંચ્યો હતો જે ગઈકાલ કરતાં ૧.૫ ડીગ્રી વધુ તાપમાન હોવાનું જાણવા મળ્યું છે. જિલ્લાના બાયડમાં ૪૧ ડીગ્રી અને માલપુર સહિતના વિસ્તારોમાં ગરમીની પ્રભાવક અસર દિવસ દરમ્યાન જોવા મળી હતી. કાળઝાળ ઉનાળો શરૂ થઈ ગયો છે વહેલી પરોઢે શીત વાયરા અનુભવતી પ્રજા માટે બપોરે આકાશમાંથી વછૂટતા અગન ગોળા અસહ્ય બની રહ્યા છે. આ વર્ષે તાપમાનનો પારો ઉંચકાશે તેવી આગાહી થઈ હતી અને હજુ તો એપ્રિલ માસની શરૂઆત થવાની તૈયારી છે ત્યાં સૂરજદાદાએ આક્રમક બેટીંગ કરવાની શરૂઆત કરી હોય તેમ બપોર થતાં ગરમીના મોજાએ આખાય જિલ્લાને બાનમાં લઈ નાખ્યો હતો. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં અસહ્ય ગરમીના કારણે જનજીવન થંભ્યું હોય તેવું જોવા મળ્યું હતું. ૧ એપ્રિલથી શાળાઓ સવારની થશે અને અને ગરમીમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને રાહતનો અનુભવ થશે પરંતુ માર્ચના અંતિમ ત્રણ દિવસમાં ગરમી રાડ પડાવી દે તેવી સ્થિતિ છે. આજની અસહ્ય ગરમીથી બરફ અને વીજ માંગમાં ધરખમ વધારો થયાનું જાણવા મળેલ છે. કેટલાક વિસ્તારોમાં વીજળીની માંગ વધી છે. આજ રીતે ગરમીનું મોજૂ ચાલુ રહેશે તો જિલ્લાની અધિકાંશ પ્રજા સનસ્ટ્રોકના મોજા હેઠળ આવી જશે તેમ જણાઈ રહ્યું છે. જિલ્લાના ઈડરમાં તાપમાનનો પારો ૪૧ ડીગ્રીએ સ્થિર થતાં લમણા શેકતી ગરમીથી પ્રજા અને વેપારીઓ ત્રાહીમામ પોકારતા સાંભળવા મળ્યા હતા.

રક્તદાન મહાદાન